ક્રીમીનલ પરચુરણ અરજી નં.૭૪૯૦/૨૦૨૫
(આંક–૩૧ ની અરજી લગત હુકમ)

**<u>આંક–૩૧ ની અરજી લગત હુકમ</u>**

(૧) આ અરજી અરજદાર તરફે અરજી માં જણાવ્યા મુજબ ની વિગતે, ધી પ્રોટકેશન ઓફ વુમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ ની કલમ–૧૯ મુજબ રહેઠાણ માટેની અરજ સાથે દાખલ કરેલ છે. જે અરજીનો સામાવાળા તરફે આંક–૩૬ થી જવાબ પણ આપેલ છે. અરજી અન્વયે અરજદાર તેમજ સામાવાળાઓ તરફે ની દલીલો સાંભળી. આ હુકમ અરજી લગત કરવામાં આવતો હોવા થી અરજી ની હકીકતો નું પુનરાવર્તન કરેલ નથી.

(૨) અરજદાર તરફે હાલ ની અરજી ધી પ્રોટકેશન ઓફ વુમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ ની જોગવાઇઓ મુજબ દાખલ કરેલ છે. હાલ આ કેસ અરજદારના પુરાવા માટે છે અને અરજદાર તરફે આંક–૦૯ થી સરતપાસ રજુ રાખેલ છે જેની ઉલટ તપાસ બાકી છે. આ કેસમાં હાલની અરજી રજુ થતા અગાઉ અરજદારની સરતપાસ રજુ થઇ ગયેલ છે. સામાવાળા તરફે તેઓના જવાબમાં અરજદાર કેસની કાર્યવાહી વિલંબીત કરી રહેલ હોવાના આક્ષેપ કરેલ છે. આ ઉપરાંત હાલના કેસમાં અગાઉ વચગાળાના નાણાંકીય રાહત અંગે હુકમ કરેલ છે અને તે સમયે અરજદાર તરફે આવી કોઇ રજુઆત થયેલ નથી. વધુમાં, હાલ પુરાવાનો તબકકો ચાલુ હોય અને અરજદારની સરતપાસ રજુ થઇ ગયેલ હોય તેમજ આંક–૩૬ ના જવાબ માટે સામાવાળા ઉલટ તપાસ કરવા તૈયાર હોય, હાલના તબકકે આ અરજી મંજુર કરવી ન્યાયોચીત જણાતી નથી. આમ, ઉપરોકત કારણોસર હાલ ની અરજી આ તબકકે મંજુર કરવાનું કોઇ વિશીષ્ટ કારણ જણાતું નથી. આથી, અરજી અન્વયે નીચે મુજબ નો આખરી હુકમ કરવા માં આવે છે.

// આખરી હુકમ //

આથી, ઉપરોકત જણાવેલ કારણોસર હાલ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ.૧૨,માહે.જુન,સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

[દર્શકકુમાર દિનેશંચદ્ર શાહ]
૫ માં એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૧), અમદાવાદ સીટી
અમદાવાદ
Code : GJ00956